**Gujarat Samachar Pg 7, 13th July 2022**

# આઈસી૧૫ ઈન્ડેક્સ ૧,૩૭૨ પોઈન્ટ ઘટ્યો

મુંબઈ, તા. ૧૨ : સ્ટોક માર્કેટની રાહે ક્રીપ્ટોકરન્સી માર્કેટમાં ફરીથી નરમાશ આવી ગઈ છે. તેને પગલે બિટકોઈન ફરી ૨૦,૦૦૦ ડોલરની સપાટીની નીચે ચાલી ગયો છે. અમેરિકામાં સ્ટોક્સ ફ્યુચર્સ ઉપરાંત ક્રુડના ભાવ અને બોન્ડની ઊપજમાં ઘટાડો થયો હતો. ડોલર મજબૂત બન્યો છે અને રોકાણકારોને મંદીની ચિંતા ફરી સતાવવા લાગી છે. નાણાંની પ્રવાહિતામાં ઘટાડો થવાને પગલે ક્રીપ્ટોકરન્સીમાં કામકાજ ઘટ્યું છે. ફેડરલ રિઝર્વ ફુગાવાને ડામવા માટે વ્યાજદરમાં વધારો કરવા કૃતનિશ્ચય છે અને તેને લીધે અનિશ્ચિતતા વધી ગઈ છે. આ નિરાશાવાદ વચ્ચે ક્રીપ્ટોનું માર્કેટ કેપિટલાઈઝેશન ચોવીસ કલાકના ગાળામાં ચાર ટકા ઘટી ગયું છે.

અગાઉ, ક્રીપ્ટોવાયરે લોન્ચ કરેલો વિશ્વનો સર્વપ્રથમ ક્રીપ્ટો ઈન્ડેક્સ - આઈસી૧૫ મંગળવારે બપોરે ચાર વાગ્યે પૂરા થયેલા ચોવીસ કલાકમાં ૫.૦૧ ટકા (૧,૩૭૨ પોઈન્ટ) ઘટીને ૨૬,૦૧૯ પોઈન્ટ બંધ રહ્યો હતો. ઈન્ડેક્સ ૨૭,૩૯૪ ખૂલીને ૨૭,૬૨૭ સુધીની ઉપલી અને ૨૫,૮૩૦ પોઈન્ટની નીચલી સપાટીએ ગયો હતો.

## પાંચ ટકા જીએસટીના વિરોધમાં આવતીકાલે ગ્રોમામાં મિટીંગ

(પ્રતિનિધિ દ્વારા) મુંબઈ, તા.૧૨

અનબ્રાન્ડેડ પેક ખાદ્ય પદાર્થો ઉપર પાંચ ટકા જીએસટીના વિરોધમાં સમગ્ર વેપારીઓ એક થયા છે. ત્યારે આ બાબતે સમગ્ર મહારાષ્ટ્ર રાજ્યભરના વેપારીઓની એક મહત્ત્વની સભા ગુરુવાર તા. ૧૪ જુલાઈના રોજ બપોરે ૧.૩૦ કલાકે ગ્રોમા હાઉસમાં નવમે માળે રાખવામાં આવી છે. આ બેઠકનું આયોજન ગ્રોમા અને કેમીટના સંયુક્ત ઉપક્રમે કરાયું છે.